(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર અને ગંદકી સાથે નવો નાતો બંધાયો હોય તેમ ચારે તરફ ખુલ્લી કચરાપેટી-ખુલ્લામાં કચરો અને કચરો ખાતી ગાય-ભેંસ જોઈ નગરજનો શાંત કેમ છે એ સમજાતું નથી. તંત્ર તો જયારે કામ કરશે ત્યારે કરશે પણ પોતાની આસપાસની જગ્યાઓ ચોખ્ખી રાખવાની ફરજ તો પ્રત્યેક નાગરીકની જ છે ને...!

ગાંધીનગરમાં અન્ય જિલ્લા પાસિંગનું વાહન દેખાતા જ લાલચુ થઈ જતી પોલીસ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરની ટ્રાફીક પોલીસ તેની હરકતોથી બદનામ થઈ રહી છે. ખાનગી વાહનોમાં ચિક્કાર ભરીને લઈ જવાતા મુસાફરો હપ્તાની આડમાં દેખાતા નથી. જ્યારે અન્ય જિલ્લાનું પાસિંગ થયેલુ કોઈપણ વાહન નજરે ચડ્યુ નથી કે શિકાર બન્યુ નથી. પેસેન્જર જીપો અને અન્ય વાહનોના બાંધેલા હપ્તા સિવાય વધુ કમાવાની લાલચમાં ટ્રાફીક પોલીસ નોકરીયાત વર્ગના અન્ય જિલ્લા પાસિંગના વાહનોને પણ શિકાર બનાવી રહી છે. જેથી આ વાહનચાલકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે.

શહેર ટ્રાફીક પોલીસની અન્ય જિલ્લા પાસિંગના વાહન સામેની કાર્યવાહીમાં વહીવટની બુમરાણ મચી છે જો કે આ કાર્યપદ્ધતિથી એવુ ફલિત થાય છે કે ગાંધીનગર શહેરમાં અન્ય કોઈ વાહન ફરી શકે નહી અને ફરવુ હોય તો પોલીસને પ્રસાદ ધરાવવો જ પડે. આ પ્રકારની પોલીસની માનસિકતાને પડકારી જિલ્લા પોલીસવડા અને ગૃહપ્રધાનને રજુઆત માટે સહી ઝુંબેશ શરૂ કરાઈ હોવાનું પણ અંદરખાને જાણવા મળ્યુ છે. ટ્રાફીક પોલીસને અપાતી પાવતી બુકની તપાસ કરાય તો તમામ વિગતો બહાર આવવાની શક્યતા રખાઈ રહી છે.

ગાંધીનગર શહેરના મુખ્ય ગણાતા સ્ટેન્ડ ઉપર ટ્રાફીક પોલીસની રૂબરૂમાં જ ખાનગી વાહનો મુસાફરો ભરીને જતા હોય છે. જેમાં હપ્તો લઈ પરવાનો અપાયો હોય તેવી સ્થિતિ દંશ્યમાન થાય છે. વધુમાં લોકોની સમસ્યા અને પ્રશ્નોને વાચા આપવા નિકળેલા પ્રેસ પ્રતિનિધિ, સરકારી અધિકારીઓ અને ગાંધીનગરમાં રહીને અન્ય જિલ્લામાં અપડાઉન કરતા નોકરીયાત વર્ગને અન્ય જિલ્લાનું પાસિંગ ધરાવતુ વાહન હોય છે જેને અટકાવી કંઈક મેળવવાની ભ્રષ્ટ નિતિ લાલચુ પોલીસમાં છાશવારે જોવા મળતી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જો કે ગાંધીનગરમાં સાબરકાંઠા, મહેસાણા અને અમદાવાદના સૌથી વધુ વાહનો જોવા મળી રહ્યા છે. જેમને ટ્રાફીક પોલીસ દ્વારા થતી કનડગત બંધ કરાય તેવી માંગ જિલ્લા પોલીસ વડા સમક્ષ કરી છે.

દવા લેવા ગયેલા બે દારૂડિયાને ડૉક્ટરે પોલીસના હવાલે કર્યા

ગાંધીનગર સિવિલ હોસ્પિટલથી સેક્ટર-૭ પોલીસે બંનેને ઉઠાવી લોકઅપમાં નાંખ્યા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરના સે.૧૫ અને સે.૧૩ માં રહેતા બે શખ્સો આજે બપોરના આરસામાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે દવા લેવા દારૂ ઢીચીને પહોંચી ગયા હતા.ફરજ પરના તબીબ ને દારૂની અત્યંત દુર્ગંધ આવતા તેમને પોલીસ બોલાવવા સુચના આપી પોલીસ સ્ટેશન કોલ કરાવ્યો હતો.સે,૭ પોલીસ પળવારમાં સિવિલ હોસ્પિટલ પહોંચી ગઈ હતી અને બંને દારૂડિયાને ઉપાડી જઈ લોકઅપમાં નાંખી દીધા હતા.સે.૭ પોલીસે બંને સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે આજે બપોરે ૩ વાગ્યાના આરસમાં બે દારૂડિયાઓ દવા લેવા પહોચી ગયા હતા અને નશા માં મન ફાવે તેમ ડોક્ટરો સાથે વાતો કરી રઝા હતા.દવા આપીને હોસ્પિટલ ના ઈમરજન્સી વર્ડમાં ફરજ પર ના તબીબે પોલીસ રૂમ માં બેઠેલા પોલીસ જવાન ને પોલીસ મથકમાં ફોન કરી પોલીસ બોલાવી લેવા સુચના આપી હતી.પોલીસ ને ફોન કરવામાં આવતા સે.૭ પોલીસ તાબડતોબ હોસ્પિટલ પહોચી ગઈ હતી અને દારૂ ના નશા માં ચૂર સે.૧૫ ફતેપુરાના -વીણ દશરથ દંતાણી અને સે.૧૩ છાપરા ના મુકેશ બટુક વાઘેલા બંને ને પકડી પડી ન્હેડીબીશન એક્ટ હેથાન ગુનો દાખલ કરીને બંને ની ધરપકડ કરી લીધી હતી.

સંત રોહીદાસ મંદીર સેકટર-૬ ખાતે યોજાયેલ વણકર સમુહ લગ્નમાં આવનાર મહેમાનોને 'મતદાન' કરવા સમજૂતી આપતા બોર્ડ લગાવવામાં આવ્યા હતા. આ કાર્ય ખરેખર પ્રશંસનીય છે. (કશ્યપ નિમાવત)

ગાંધીનગરમાં છેતરપીંડીનો અજીબો ગરીબ કિસ્સો

આખે આખી વેચાણ થઇ ગયેલી ફ્લેટની સ્કીમ પર શુકન સ્કાયના બિલ્ડરે ૩૨.૫૦ કરોડની લોન લઇ લીધી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારોમાં ભૂમાફિયાઓ દ્વારા નકલી દસ્તાવેજો તૈયાર કરીને ખોટી સહીઓ કરી છેતરપીડીના સંખ્યાબંધ ગુનાઓ બહાર આવ્યા છે.તે ઉપરાંત અલગ અલગ પૈતરા વાપરીને છેતરપીડી આચર્યાના કેટલાય બનાવો બહાર આવ્યા છે .પરંતુ તાજેતરમાં -કાશમાં આવેલો છેતરપીડી નો કિસ્સો ખુબ જ અજીબોગરીબ છે.શુકન સ્કાય નામની ફ્લેટની સ્કીમ બનાવ્યા બાદ ગ્રાહકોને ફ્લેટો વેચી માર્યા બાદ આખે આખી સ્કીમની જગ્યા પર તેના બિલ્ડરે રૂ.૩૨.૫૦ કરોડની લોન લઇ લીધી છે.હવે ફ્લેટ ખરીદનાર ગ્રાહકો પણ મુશ્કેલીમાં મૂકી ગયા છે.ના તો તે લોન લઇ શકે છે કે ના તે લોકો મકાન વેચાણ કરી શકે છે.છેતરપીડી અંગે શુકન સ્કાયના ચેરમેન તથા ફ્લેટ ખરીદનાર ૧૦૦ થી વધુ વ્યક્તિઓ નું ટોળું એલ.સી.બી ઓફીસ પહોચી ગયું હતું અને ફરિયાદ કરી હતી.

કુડાસણ ખાતે સીટી પલ્સ થીયેટર પાસે શુકન ગ્રુપ દ્વારા શુકન સ્કાય રેસીડેન્સી સ્કીમ તૈયાર કરવામાં આવી હતી.આ સ્કીમ માં બનેલા ૪૮૦ મકાનો પૈકી ૪૩૦ જેટલા મકાનોના બુકિંગ બાદ ગ્રાહકોને પઝેશન પણ આપી દેવાયા છે.જેમાં બેંક ક્લીયરન્સ થી માંડીને તમામ જરૂરી પુરાવાઓ સોંપી દેવાયા હતા.તે દરમ્યાન શુકન સ્કાય ગ્રુપ ના ભાગીદાર રમેશ રેવાભાઈ પટેલ તથા ભારત રણછોડભાઈ પટેલ દ્વારા આ સ્કીમ પર કોઈ પણ રીતે એસ.બી.આઈ બેંક પાસેથી વર્ષ ૨૦૧૨ માં રૂ.૩૨.૫૦ કરોડ ની લોન ઉપાડી લેવામાં આવી છે.તો બીજી તરફ ફ્લેટ માલિકો પાસે પણ જરૂરી પુરાવા હોવાથી તેમને પણ જુદી જુદી બેન્કો માંથી લોન મેળવી હતી.તે સમયે ફ્લેટ માલિકો ને ખ્યાલ પણ ણ હતો કે તેમના મકાનો પર બિલ્ડરે લોન લઇ લીધેલી છે.દરમ્યાન એક મકાન માલિકે ફ્લેટ વેચવા કાઢ્યો પરંતુ શુકન સ્કાય પર ૩૨.૫૦ કરોડ ની લોન બાકી બતાવતા વેચી શકાય નહિ તેવું જાણવા મળતા તેઓ ચોંકી ગયા હતા.આ મામલો ધ્યાને આવતા તમામ ફ્લેટ ધારકો બિલ્ડર રમેશ પટેલ પાસે ગયા તો તમામ ને ધમકાવીને કાઢી મુકયા હતા.શુકન સ્કાયના ફ્લેટ માલિક રશ્મીકાંત રજનીકાંત બારોટે આ મામલે સીટ, એલ. સી. બી, ગાંધીનગર એસ.પી તથા સ્થાનિક પી.આઈ ને ફરિયાદ કરી છે.છેતરપીડી અને વિશ્વાસઘાત -કરણમાં ભાગીદાર રમેશ રેવાભાઈ પટેલ,રોમિલ રમેશ પટેલ,ભાનુબેન રમેશભાઈ પટેલ ,ધીરેન -હલાદ પટેલ,ભારત રણછોડ પટેલ,નટવર નાથાલાલ પટેલ તથા ગેરકાયદે લોન પાસ કરનાર બેંક અધિકારી સામે પણ ફરિયાદ કરવામાં આવી છે.

મોદી સરકારના શાસનકાળ દરમ્યાન રાજ્યનો વિકાસ દર નીચો ગયો છે : અભિષેક મનુ સંઘવી

ગુજરાતમાં ભૂતકાળની સરકારોની સરખાણીએ નરેન્દ્ર મોદીના શાસનકાળમાં રાજ્યનો વાર્ષિક વિકાસ દર નીચો ગયો હોવાનો આક્ષેપ કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા અભિષેક મનુ સંઘવીએ મોદી જુઠ્ઠાણુ ફેલાવતા હોવાનો પણ આક્ષેપ કર્યો હતો.

આજે એક દિવસના ગુજરાત પ્રવાસે આવેલા કોંગ્રેસના રાષ્ટ્રિય પ્રવક્તા અભિષેક મનુ સંઘવીએ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતના વિકાસ અંગે કરેલા દાવાને પોકળ ગણાવતા જણાવ્યું હતું કે ગુજરાતમાં વર્ષ ૧૯૮૧ થી ૨૦૦૧ ના સમયગાળા દરમ્યાન કોંગ્રેસની સરકારોના શાસનમાં ગુજરાતનો વાર્ષિક વિકાસ દર ૧૬ ટકા જેટલો હતો પરંતુ વર્ષ ૨૦૦૧ થી ગુજરાતમાં નરેન્દ્ર મોદી સત્તા પર આવ્યા ત્યારથી તેમના શાસનમાં ગુજરાતનો વાર્ષિક વિકાસ દર ઘટીને ૯ થી ૧૦ ટકા જેટલો જ રહ્યો છે.

ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાત નં. ૧ હોવાના ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી રહેલા દાવા અંગે પણ તેમણે જણાયું હતું કે ઔદ્યોગિક ક્ષેત્રે પણ ગુજરાત કરતાં અન્ય રાજ્યો આગળ છે. ગુજરાતમાં યોજવામાં આવેલ વાયબ્રન્ટ ઈન્વેસ્ટર સમિટ દરમ્યાન કરવામાં આવેલ એમ.ઓ.યુ.ના આંકડાઓ પર જો નજર નાંખવામાં આવે તો માત્ર ૧૦ ટકા જ પ્રોજેક્ટોની અમલવારી થવા પામી છે. સોફ્ટવેર એક્સપોર્ટમાં પણ ગુજરાત અન્ય રાજ્યો કરતાં પાછળ હોવાનું જણાવીને તેમણે જણાવ્યું હતું કે સોફ્ટવેર એક્સપોર્ટ ક્ષેત્રે ગુજરાત દેશમાં ૧૧ માં નંબરે છે.

રાજ્ય સરકાર પર આક્ષેપ કરતાં તેમણે જણાવ્યું હતું કે રાજ્યની માથાદીઠ આવકના આંકડા પર પણ જો નજર નાંખવામાં આવે તો તેમાં પણ ગુજરાત અન્ય રાજ્ય કરતાં પાછળ છે. માથાદીઠ આવકમાં દિલ્હી દેશમાં નંબર-૧ છે જ્યારે ગુજરાત આઠમા નંબરે છે. તેમણે ઉમેર્યું હતું કે શહેરી વિસ્તારોમાં મજૂરોના વેતન દરમાં ગુજરાત ૧૪ માં નંબરે છે.

ગાંધીનગરમાં એનિમલ હેલ્પલાઈનનો અનોખો મહિમા

નીલ ગાયને અકસ્માતથી લઈને મોર, વાંદરા અને સાપને ઈન્દ્રોડા નેચર પાર્કમાં સારવાર અપાય છે : પાલતુ પ્રાણીઓ માટે સેક્ટર-૩૦ના પશુ દવાખાનામાં સારવારની સુવિધા

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાતના હરિયાળા પાટનગર ગાંધીનગરમાં પ્રાણી જીવદયા ક્ષેત્રે અનેક સેવાભાવી સંસ્થાઓ અને પ્રાણી પ્રેમીઓ દ્વારા હેલ્પલાઈન ચલાવવામાં આવતી હોય છે. પરંતુ નગરમાં જ્યારે કોઈ પ્રાણી કે પશુ પંખીને સારવાર આપવાની જરૂર જણાય અથવા સાપ નિકળ્યો હોય ત્યારે તેને સલામત રીતે પકડીને જંગલમાં છોડી આવવા માટે નગરજનોને કોનો સંપર્ક કરવો તે ખબર જ નથી હોતી. ગાંધીનગરમાં ખાસ કરીને વાંદરા, નીલગાય, મોર, બાજ, સમડી અને સાપને લગતા સારવાર માટેના અથવા રેસ્ક્યુ ઓપરેશન માટેના કોલ સૌથી વધારે મળે છે.

ગાંધીનગરમાં ઈન્દ્રોડા નેચર પાર્કમાં એક વાઈલ્ડ લાઈફ હોસ્પિટલ આવેલ છે. જો કે આ હોસ્પિટલમાં માત્ર વન્ય જીવોને જ સારવાર આપી શકાય છે. તમામ પ્રકારના વન્ય જીવોને સારવાર આપતી આ હોસ્પિટલમાં સામાન્ય સંજોગોમાં મોટે ભાગે નીલગાયના અકસ્માતના કેસો સૌથી વધુ આવે છે. આ સાથે મોરના કોઈ ખેતરમાં રાસાયણિક દવાવાળા ધાન્ય ચણવાનો કારણે ફુડ પોઈઝનીંગના કેસો પણ વધુ પ્રમાણમાં નોંધાય છે. ઉત્તરાયણ દરમ્યાન બર્ડ ઈજરીના કેસો માટે ઈન્દ્રોડા પાર્કમાં ખાસ અભિયાન હાથ ધરાય છે. જેમાં બાજ, સમડીથી લઈને કબૂતર કે પોપટ સુધીના તમામ પક્ષીઓને સારવાર આપવામાં આવે છે. આ ઉપરાંત આ પાર્કમાં આવેલા પ્રાણી સંગ્રહાલયના પ્રાણીઓને અહીં સારવાર અપાય છે. અહીં પાલતુ પ્રાણીઓ જેવા કે કૂતરા, બિલાડી, ગાય કે ભેંસ વગેરેને સારવાર આપવાની સગવડ નથી તે માટે સરકારી પશુ દવાખાના પર આધાર રાખવો પડે છે.

વન્ય પ્રાણીઓને સારવાર માટે આ હોસ્પિટલ મોટે ભાગે વન વિભાગની સહાયતાથી કાર્ય કરે છે. વન્ય જીવોમાં ગાંધીનગરમાં વાંદરાનું પ્રમાણ પણ વધુ હોવાથી ઘણીવાર વાંદરાના બચ્ચાઓને અકસ્માત અથવા ત્યજી દેવાયેલા બચ્ચાઓને પોષણના અભાવે અશક્તિ આવવાથી પડી જવાના કિસ્સામાં પોષક તત્વોના રીઅરીંગની સારવાર અપાય છે. આ ઉપરાંત શહેરી વિસ્તારમાં નિકળતા સાપને પકડવા તેમજ સાપને મારી નાખવાના કે ભગાડવાના પ્રયાસરૂપે થયેલી ઈજાઓની સારવાર પણ સારા એવા પ્રમાણમાં અહીં અપાય છે.

શહેરમાં સેક્ટર-૩૦માં આવેલ સરકારી પશુ દવાખાનામાં પાલતુ પ્રાણીઓ જેવા કે કૂતરા, બિલાડી, બળદ, ગાય, ભેંસ બકરી કે ઊંટ અને ઘોડાને સારવાર અપાય છે. અહીં નીલગાયને પણ સારવાર આપવાના કિસ્સા નોંધાયા છે. આ ઉપરાંત શહેરમાં ચાલતી સ્નેક લવર્સ ક્લબ દ્વારા પણ સર્પોને ઈજા વિના પકડી વનમાં છોડી દેવાથી લઈને ઈજા પામેલા સાપોને સારવારની સેવા અપાય છે.

ગાંધીનગરના એનિમલ હેલ્પલાઈન નંબર્સ

જલારામ મંદિર અમૃતભાઈ ઠક્કર	૯૮૨૫૨-૮૨૭૮૭
જલારામ મંદિરના પશુ ડોક્ટર ચિરાગભાઈ રાઠોડ	૮૧૨૮૦-૮૦૧૨૩
જલારામ મંદિરની એમ્બ્યુલન્સ (પ્રાણી માટેની)	૯૭૧૨૭-૨૨૭૨૨
જલારામ મંદિરના ભુતપુર્વ ડૉ. વિનોદભાઈ ગોસ્વામી	૯૮૨૪૩-૯૮૫૨૪
ઈન્દ્રોડા પાર્ક (ફોરેસ્ટ ખાતુ)	૨૩૨-૨૦૫૬૦
ઈન્દ્રોડા પાર્ક (ફોરેસ્ટ ખાતુ) ઠેબાભાઈ	૯૯૦૪૧-૫૪૮૯૪
ઈન્દ્રોડા પાર્ક (ફોરેસ્ટ ખાતુ)	
વેટરનરી ડૉ. અનિકેત પટેલ	૯૯૭૮૯-૭૫૮૮૦
સરકારી પશુ દવાખાનુ, સેક્ટર-૩૦	૨૩૨-૬૦૨૦૪
ચૈતન્ય નિમાવત(સાપ પકડવા માટે)	૯૪૨૬૪-૦૧૭૦૧
ફારૂકભાઈ - બોરીજ નર્સરીવાળુ ગૃપ (સાપ પકડવા માટે)	૯૭૨૩૫-૦૦૦૫૦
ધર્મેન્દ્ર ત્રિવેદી (સ્નેક લવર્સ સોસાયટી)	૯૪૨૭૦-૫૦૫૯૪
તપોવન સંસ્કાર પીઠ, સુઘડ	૯૩૨૭૧-૪૦૦૧૪, ૯૭૧૨૭-૨૨૭૨૨, ૯૦૩૩૭-૨૨૭૨૨

સંત રોહીદાસ સેવા સમાજ, સેકટર-૬, ગાંધીનગર ખાતે ૧૦મો સમુહ લગ્નોત્સવ રવિવારે યોજાઈ ગયો. જેમાં ૨૫ યુગલોએ પ્રભુતામાં પગલા માંડયા અને વડીલોના આર્શીવાદ મેળવ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

ચિરવિદાય

- સ્વ. હિરાભાઈ રણછોડભાઈ પટેલ (ઉ.વ. ૯૩) પ્લોટ નં.૨૯૨, હરસિદ્ધનગર, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. મોનાબેન સકરાલાલ નાયી (ઉ.વ. ૭૫) પ્લોટ નં.૧૦૬૬/૧, સેકટર-૬સી, ગાંધીનગર.
- સ્વ. પરેશભાઈ દિનકરરાય આચાર્ય (ઉ.વ. ૫૭) પ્લોટ નં.૧૦૧૭, સ્વસ્તિક સોસાયટી, સેકટર-૨૭, ગાંધીનગર.
- સ્વ. સજનબેન તખાજી ઠાકોર (ઉ.વ. ૫૫) મુ. સોભાસણ, તા.કલોલ, જિ. ગાંધીનગર.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૮
સૂર્યાસ્ત : ૭.૦૦

તાપમાન

મહત્તમ : ૩૮.૯ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૭ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૯ ટકા ● સાંજે ૩૨ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
૨ સ્ટેટસ્ વન લવ : ૧૨.૩૦,૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
રીઓ-૨ (અંગ્રેજી) ૩ડી : ૩.૦૦, ૫.૦૦
કેપ્ટન અમેરિકા (અંગ્રેજી) ૩ડી : ૭.૦૦
: સ્ક્રીન-૪ :
મે તેરા હીરો : ૧૨.૦૦, ૨.૩૦, ૧૦.૦૦
લકી કબુતર : ૪.૪૫ ● રેસ ગુર્રમ (તેલુગુ) : ૭.૦૦
જલ : ૪.૦૦ ● રેસ ગુર્રમ (તેલુગુ) : ૭.૦૦
: સ્ક્રીન-૫ :
૨ સ્ટેટસ્ વન લવ : ૧૦.૦૦
ભૂતનાથ રીર્ટન : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૬ :
ભૂતનાથ રીર્ટન : ૧૨.૩૦ ● મે તેરા હીરો : ૧૦.૦૦
૨ સ્ટેટસ્ વન લવ : ૬.૩૦
લકી કલૂતર : ૪.૪૫

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
મે તેરા હીરો : ૯.૧૫, ૩.૦૦, ૧૦.૪૫
કેપ્ટન અમેરિકા (હિન્દી) : ૧૨.૦૦, ૩.૦૦
૩ડી રીયો (હિન્દી) : ૫.૪૫
નમો સૌને ગમો (ગુજરાતી) : ૮.૦૦
: સ્ક્રીન-૨ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
દેખ તમાશા દેખ : ૧.૦૦
: સ્ક્રીન-૩ :
૨ સ્ટેટસ્ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૪ :
૨ સ્ટેટસ્ : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૧૦, ૬.૨૦, ૯.૩૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૨ :
મે તેરા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
: સ્ક્રીન-૩ :
કેપ્ટન અમેરિકા : ૧.૧૫
ભૂતનાથ રીર્ટન : ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
૨ સ્ટેટસ્ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ભતૂનાથ રિટર્ન : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
મે તેરા હીરો : ૧.૧૫, ૭.૧૫
: સ્ક્રીન-૩ :
પોલીસ સ્ટોરી-૬ : ૧૦.૦૦, ૩.૦૦, ૧૦.૧૫
લકી કબુતર : ૧૨.૩૦, ૫.૩૦,
નમો સૌને ગમો (ગુજરાતી) : ૮.૦૦

સૂર્યા સિનેમા (વાવોલ)

પ્રીતના પારખાં :૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

ચિરાગ સિનેમા(કલોલ)

પ્રેમ કરે તો ગોરી તું હાચો કરજે :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. આર્થિક રોકાણ સમજી વિચારીને કરવું. મિત્રોની સાથે સમય પસાર થશે.

વૃષભ : પર્યટન આમોદ- પ્રમોદના વિશિષ્ટ યોગ બની રહ્યા છે. શત્રુ પરાસ્ત થશે, વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો વિશેષ યોગ.

મિથુન : સામાજિક સમસ્યાઓમાં સહયોગ કરવો પડશે. વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠા વૃદ્ધિનો યોગ બની રહ્યો છે.

કર્ક : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમ પૂર્વક ઉકેલવી. ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં માન-સન્માન પ્રાપ્ત થશે.

સિંહ : સામાજિક કાર્યોથી યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે. મિત્રોના સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના છે. વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું પડશે.

કન્યા : કૌટુંબિક સુખથી મન પ્રસન્ન રહેશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

તુલા : વ્યાપાર- વ્યવસાય ક્ષેત્રમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. ખાનપાનમાં સંયમ રાખવું. ઉચ્ચસ્તરીય સન્માન પ્રાપ્તિ મળી શકે છે.

વૃશ્ચિક : નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. પ્રયત્નોથી લાભ થશે.

ધન : સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપાર માં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

મકર : બુદ્ધિના ઉપયોગથી કાર્ય વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવનાઓ રહેલી છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે.

કુંભ : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. ધ્યાન, સમાધિ, ગુપ્તજ્ઞાન સંબંધી કાર્યો થશે. રાજકારણમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત થશે.

મીન : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો. સામાજિક કાર્યોમાં ઉન્નતિ થઈ શકશે.